ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

હુકમ ક્ર.એન.સી.વી–૧૦૨૦૨૦–એસએફએસ–૨–ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮–૦૪–૨૦૨૦

**હુકમ:**

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ **COVID-19** ને **WHO** દ્વારા પેન્ડેમીક જાહેર કરેલ છે. જે ધ્યાને લઇને રાજયમાં હાલમાં પ્રવર્તતી રહેલ **COVID-19** ની પરિસ્થિતિ ધ્યાને લઈ રાજયમાં એપેડેમિક ડીસીઝ એકટ–૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃએનસીવી–૧૦૨૦૨૦–એસ.એફ.એસ.૧, તા.૧૩.૩.૨૦૨૦ ના નોટીફીકિશનથી રાજયમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" બહાર પાડેલ છે.

**COVID-19** સંદર્ભે રાજ્ય સરકાર તરફથી રોજબરોજ અલગ–અલગ કામગીરીને લગતા જુદા જુદા હુકમો કરવામાં આવે છે તેમજ આ હુકમો અંગેની જાણ પ્રેસ બ્રીફના માધ્યમથી પ્રજાજનોને દરરોજ માહિતી પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી **COVID-19** રોગ સામે લડવા વખતોવખત જે ગાઇડલાઇન બહાર પડાય છે તેમજ તેની કામગીરી હાથ ધરાય છે તે અંગે રોજબરોજના હુકમો, પરિપત્રો, માર્ગદર્શિકાઓનું સંકલન કરી તમામ માહિતી કમ્પેન્ડીયમ (compendium) સ્વરૂપે બહાર પાડવા કમિશ્નરશ્રી (આ) ની કચેરી હસ્તકનાં શ્રી આર.એન.ડોડીયા, અધિક નિયામકશ્રી (આંકડા) ને આ કામગીરી સોંપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના. અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- શ્રી આર.એન.ડોડીયા, અધિક નિયામકશ્રી (આંકડા), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે અધિક નિયામકશ્રીઓ
- પસંદગી ફાઈલ–૨૦૨૦